


વડોદરામાં ગંભીરા પુલ તૂટી પડ્યા બાદ સરકારી તંત્ર સફાળું જાગ્યું, નવસારી મનપાએ જર્જરિત શોપિંગ સેન્ટર ખાલી કરવાનો હુકમ કરવા છતાં દુકાનદારો કમિશનરને મળવા દોડ્યા

# 337 વેપારીને 3 કલાકનું અલ્ટિમેટમ અપાયું

## વેપાર માટે જિંદગીનો 'જુગાર': જો કોઈ અકસ્માત સર્જાય તો તેના માટે જવાબદાર કોણ ઠરશે એ સવાલ ઊભો થતાં નોટિસની બજવણી

નવસારીઃ નવસારી મહાનગર પાલિકાએ શહેરના જર્જરિત શોપિંગ સેન્ટરને ત્રણ કલાકમાં જ ખાલી કરી દેવા માટે નોટિસ ફટકારતા 337 દુકાનદાર કમિશનરને મળવા માટે દોડતા થયા હતા. દુકાનદારોએ જર્જરિત શોપિંગ સેન્ટરમાં વર્ષોથી દુકાન ચલાવી રહ્યા છે, ત્યારે જો કોઈ અકસ્માત સર્જાય તો તેના માટે જવાબદાર કોણ ઠરશે એ સવાલ ઊભો થતાં ગુરુવારે નોટિસ આપતા બધા ફફડી ઊઠ્યા હતા.

હાલમાં જ વડોદરા પાસેનો ગંભીરા પુલ તૂટી પડ્યા બાદ રાજ્યમાં સરકારી તંત્ર સફાળું જાગ્યું છે. બ્રિજ જ નહીં જર્જરિત ઈમારતો પણ ખાલી કરાવવા માટે વહીવટી તંત્રે કામગીરી શરૂ કરી છે. ત્યારે નવસારી મહાનગર પાલિકાના એસ્ટેટ વિભાગે શોપિંગ સેન્ટરના વેપારીઓને માત્ર ત્રણ કલાકમાં જ શોપિંગ સેન્ટર ખાલી કરી દેવા મૌખિક સૂચના આપી દુકાનોને સીલ મારવા માટે કામગીરી હાથ ધરતાં જ વેપારીઓ મહાનગર પાલિકામાં દોડ્યા હતા.



છેલ્લાં 40 વર્ષથી આ શોપિંગ સેન્ટરમાં વેપારીઓ બિઝનેસ કરી રહ્યા છે. જો કે, કોઈપણ વ્યક્તિ પોતાની દુકાનમાં વેપાર કરે તેની સામે કોઈને વાંધો ન હોઈ શકે, પરંતુ માથે મોત ભમતું હોય એવા જર્જરિત શોપિંગ સેન્ટરમાં પણ એક-બે નહીં 337 વેપારી વેપાર કરતા રહ્યા હતા. નવસારી નગર પાલિકાને આપેલા વચન મુજબ શોપિંગ સેન્ટરનું સમારકામ પણ કરાવ્યું નથી. પોતાના જીવનું જોખમ હોવા છતાં એ બધા બિનધાસ્ત વેપાર કરતા રહ્યા છે. એ સંજોગોમાં કોઈ હોનારત સર્જાઈ હોત તો તેને માટે જવાબદાર પાલિકા જ ઠરી હોત. કેમ કે, જર્જરિત ઈમારતો તોડી પાડવાની સત્તા નગર પાલિકાને હોય છે. આ બાબત નવસારી મનપાના કમિશનરને ધ્યાનમાં આવતાં તેમણે ગુરુવારે એ તમામ વેપારીઓને નોટિસ આપી 3 કલાકમાં શોપિંગ સેન્ટર ખાલી કરવા માટે જણાવ્યું હતું. એ સમયે બધા વેપારીઓએ કમિશનર પાસે દોડી જઈ દુકાનો ખાલી કરવા માટે વધુ સમયની માંગણી કરી હતી. હવે એ સમય આપીને પણ નવસારી મનપા જર્જરિત શોપિંગ સેન્ટર ખાલી કરાવી દેશે એમ લાગે છે.



### પાલિકા ઈજનેર રાજુ ગુપ્તાના સમયે સ્વ ખર્ચે શોપિંગ સેન્ટરનું સમારકામ કરવાનું વચન વેપારીઓ ભૂલી ગયા

થોડાં વર્ષ પહેલાં જ જર્જરિત શોપિંગ સેન્ટરના વેપારીઓને શોપિંગ સેન્ટર ખાલી કરવા નોટિસ આપી હતી. ત્યારે પોતાના ખર્ચે શોપિંગ સેન્ટર રિપેરિંગ કરવાનું વચન આપી દુકાનદારો ગાડું ગબડાવતા રહ્યા હતા. જો કે, એ પછી નગર પાલિકાનું રાજકારણ તેમને છાવરતું રહ્યું અને આજે પણ દુકાનદારો એ જ જર્જરિત શોપિંગ સેન્ટરમાં દુકાન ચલાવી રહ્યા છે, ત્યારે જો કોઈ અકસ્માત સર્જાય તો તેને માટે જવાબદાર કોણ ઠરશે એ સવાલ ઊભો થતાં ગુરુવારે નોટિસ આપતાં બધા ફફડી ઊઠ્યા હતા. છેલ્લે જ્યારે નવસારી નગર પાલિકા હતી, ત્યારે ઈજનેર તરીકે રાજુ ગુપ્તાએ શોપિંગ સેન્ટરના વેપારીઓને નોટિસ આપી હતી. એ સમયે વેપારીઓએ પોતાના ખર્ચે શોપિંગ સેન્ટરનું સમારકામ કરાવી દેશે એવી હૈયાધરપત નગર પાલિકાના ઈજનેરને આપી હતી. ત્યારે રાજકારણ પણ તેમના બચાવમાં આવી ગયું હતું. આથી કાર્યવાહી બંધ થઈ ગઈ હતી.

# નવનિર્મિત નવસારી મહાનગરપાલિકા સ્વચ્છતા ક્ષેત્રે રાજ્યમાં બીજા સ્થાને

**રાજ્ય** સ્તરે ગુજરાતનાં 161 શહેરમાં નવસારી મહાનગર પાલિકાએ 10મુ સ્થાન મેળવ્યું

**સ્વચ્છતા** સ્પર્ધામાં નવસારી શહેરમાં ડોર ટુ ડોર કચરો એકત્ર કરવામાં સો ટકા સિદ્ધિ

નવસારીઃ દેશમાં સ્વચ્છતાની દૃષ્ટિએ શહેરોને ક્રમ આપ્યાં છે. ત્યારે નવનિર્મિત મહાનગર પાલિકાઓમાં દેશમાં બીજો ક્રમ આવ્યો છે.

દેશની મહાનગર પાલિકાઓમાં સ્વચ્છ સર્વેક્ષણ 2024-2025 અંતર્ગત સમગ્ર દેશમાં મધ્યમ વર્ગનાં શહેરોમાં 50 હજારથી 3 લાખ સુધીની વસતી ધરાવતાં શહેરોમાં 824 શહેરનો સમાવેશ કરાયો છે. આ શહેરોમાં નવસારીને 41મુ સ્થાન મળ્યું છે. આ પહેલાં નવસારી શહેર 186મા સ્થાને હતું. હવે દેશભરમાં સ્વચ્છતાને આધારે નવસારી પહેલાં પચાસ શહેરોમાં આવે છે. નવસારી 41મા ક્રમે આવ્યું છે. જેને કારણે શહેરની સ્વચ્છતા ક્ષેત્રે ઘણી જ પ્રગતિ કરી છે.

રાજ્ય સ્તરે ગુજરાતનાં 161 શહેરમાં નવસારી મહાનગર પાલિકાએ 10મુ સ્થાન મેળવ્યું છે. જ્યારે નવી બનેલી મહાનગર પાલિકા તરીકે જાહેર થયા બાદ નવસારી પહેલી વખત જ 9માંથી બીજો ક્રમ મેળવ્યો છે. એ પણ એક મોટી સફળતા ગણાય.

સ્વચ્છતા સ્પર્ધામાં નવસારી શહેરમાં ચાલતી ડોર ટુ ડોર કચરો એકત્ર કરવાનો સો ટકા દર, બજાર વિસ્તાર અને જાહેર શૌચાલયોની સ્વચ્છતા પણ 100 ટકા, કચરા પ્રક્રિયા દર 100 ટકા અને ડમ્પસાઈટ રેમેડિએશન 100 ટકા જેવી શ્રેષ્ઠ કામગીરીના પરિણામે નવસારી આ સિદ્ધિ મેળવી શકી છે.

### સ્વચ્છતા સર્વેક્ષણઃ ગણદેવી નગરપાલિકા રાજ્યમાં ૬૦મા અને દેશભરમાં ૨૮૩મા ક્રમે

**બીલીમોરા** પાલિકા રાજ્યમાં ૭૮મા અને દેશમાં ૧૭૪મા ક્રમે આવી


કેરસી બારીયા

બીલીમોરાઃ દેશભરમાં સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪-૨૫નાં પરિણામો ઓનલાઈન જાહેર કરાયાં હતાં, જેમાં બીલીમોરા-ગણદેવી નગરપાલિકાઓએ સ્વચ્છતામાં હરણફાળ સાથે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. ગણદેવી નગરપાલિકા (૨૦ હજારથી ઓછી વસતી ધરાવતી સિટીની કેટેગરીમાં રાજ્યમાં ૬૦માં અને દેશભરમાં ૨૮૩માં ક્રમે અને બીલીમોરા પાલિકાએ (૫૦ હજારથી ૩ લાખ વસતી) કેટેગરીમાં રાજ્યમાં ૭૮માં અને દેશમાં ૧૭૪માં ક્રમે રહી હતી. બીલીમોરા અને ગણદેવી નગરપાલિકાઓએ ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન ન થાય એ માટે નક્કર આયોજન કર્યું હતું. સફાઈ સૈનિકોની મહેનત પણ રંગ લાવી હતી. સ્વચ્છતા સર્વેક્ષણમાં ૮ મુદ્દાને ધ્યાને લેવાયા હતા, જેમાં ગણદેવી પાલિકાએ ઘરેઘરથી કચરાના કલેક્શનમાં ૬૦ ટકા, બીલીમોરા પાલિકાએ ૪૯ ટકા, ઘરેઘરથી સૂકો અને ભીનો કચરાનું વર્ગીકરણ છૂટોમાં ગણદેવી ૧૮ ટકા અને બીલીમોરા ૨૩ ટકા, કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલમાં ગણદેવી ૯૭ ટકા અને બીલીમોરા ૧૦૦ ટકા, જૂના કચરાનો નિકાલમાં ગણદેવી ૧૦૦ ટકા અને બીલીમોરા ૧૦૦ ટકા, રહેણાક વિસ્તારની સફાઈમાં ગણદેવી અને બીલીમોરા બંને ૧૦૦ ટકા, માર્કેટ વિસ્તારની સફાઈમાં ગણદેવી, બીલીમોરા બંને ૧૦૦ ટકા, નદી તળાવની સફાઈમાં ગણદેવી ૫૦ ટકા, જ્યારે બીલીમોરા શૂન્ય ટકા અને જાહેર ટોઇલેટની સફાઈ માં ગણદેવી ૧૦૦ ટકા, જ્યારે બીલીમોરા નગરપાલિકા શૂન્ય ટકા રહી હતી. જેના પગલે ઉપરોક્ત ક્રમો પ્રાપ્ત થયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### વાંસદામાં રસ્તા સુધારણાની કામગીરી પૂરજોશમાં



નિલેશ કાપડીયા

વાંસદાઃ વાંસદા તાલુકામાં હાલ ચોમાસામાં અનેક રસ્તા ખરાબ થઈ જતાં લોકોને હાલાકી પડી રહી હતી. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા વાંસદા તાલુકાના કુરેલિયા-બારતાડ રોડ, મહુવાસ-કેવડી-ખરજઇ, મોટી ભમતી-હોલીપાડા, ખાંબલા-નવતાડ, કાવડેજ-ઘોડમાળ-બેડમાળ, મોટી વાલઝર-ઉપસળ-વણારસી, મોળાઆંબા-બોપી, પીપલખેડ-કેલિયા-સુખાબારી-રંગપુર, બારતાડ-કેળકચ્છ-ધરમપુરી અને જામલિયા-ચિકટિયા-લીમઝર રૂટ ઉપર પેચવર્ક કામગીરી કરવામાં આવી રહી છે.

### નવસારીમાં તેરા તુજ કો અર્પણ હેઠળ રૂ.5.24 લાખનો મુદ્દામાલ માલિકોને પરત કરાયો




નવસારીઃ નવસારી એલસીબી અને નવસારી ટાઉન પોલીસમથક દ્વારા એક ચોરીના ગુનામાં સોનાનાં બે મંગળસૂત્ર, સોનાની ચેઈન, સોનાની એક જોડી બુટ્ટી અને એક બુટ્ટી મળી કુલ 504448 રૂપિયાના સોનાના દાગીના આરોપી પાસેથી રિકવર કરાયા હતા. એ જ રીતે નવસારીમાંથી 20 હજારની કિંમતનું ગ્રે રંગનું ચોરાયેલું મોપેડ પણ આરોપી પાસેથી રિકવર કર્યું હતું. એ બંને મુદ્દામાલના માલિકોને એ ચીજો તેરા તુજકો અર્પણ હેઠળ જિલ્લા પોલીસ વડાના હસ્તે સોંપવામાં આવી હતી.

### ગણદેવીના સફાઈ કામદારની પ્રામાણિકતા

ગણદેવીઃ ગણદેવીના ચંડીકા ચોક નજીક રહેતા કેતનકુમાર પ્રવીણચંદ્ર શાહ અને પ્રાચી કેતનકુમાર શાહ બુધવારે કામકાજ અર્થે નીકળ્યાં હતાં. દરમિયાન ગણદેવી બેંક ઓફ બરોડા પાસે ખીસ્સામાંથી ચાવી કાઢતી વેળા થેલી પડી ગઈ હતી. દરમિયાન તેઓ ઘરે પહોંચ્યાં હતાં. જે બાદ થેલી ન જણાતાં શોધખોળ હાથ ધરી હતી. બીજી તરફ ગણદેવી નગરપાલિકાના સફાઈ કામદારની નજર થેલી ઉપર પડતાં પોલીસમથકે જમા કરાવી હતી. એ અગાઉ પોલીસમથકે થેલી ગુમ થવા અંગે અરજી આવી હતી. પોલીસે તેમને વેરિફિકેશન માટે બોલાવ્યા હતા, જેમાં યોગ્યતા જણાઈ હતી. બાદ થેલી પરત કરનાર સફાઈ કામદાર નરેશભાઈ છગનભાઇ સોલંકી (રહે.,વાલ્મીકિ વાસ, ગણદેવી)ને બોલાવી તેમનું સન્માન કરાયું હતું અને ગણદેવી પોલીસના પીઆઈ વી.જી.ભરવાડે શાહ દંપતીને તેરા તુઝકો અર્પણ હેઠળ થેલી-કવર પરત કરાયાં હતાં.

### નવસારીમાં તાપમાનમાં સતત વધઘટને પગલે શરદી-ઉધરસના કેસોમાં વધારો

નવસારીઃ નવસારીમાં છેલ્લા પાંચ છ દિવસથી વરસાદે વિરામ લીધો હોય, ત્યારે ગરમી વધી રહી છે. જો કે, મહત્તમ તાપમાન સતત 30 ડિગ્રી કરતાં વધુ રહેતું હોવાથી અને તેમાં પણ એક બે ડિગ્રીનો ઘટાડો થવાથી શરદી ઉધરસની બીમારી વધી રહી છે. નવસારીમાં વરસાદના વિરામને પગલે જાણે ઉનાળો બેઠો હોય એવો અનુભવ થઈ રહ્યો છે. બુધવારે મહત્તમ તાપમાન 32 ડિગ્રી હતું, તેમાં એક જ દિવસમાં એક જ ડિગ્રી ઘટીને તાપમાન 31 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાન 25.5 ડિગ્રી હતું, તે ઘટીને 24.4 ડિગ્રી થયું હતું. એક ડિગ્રી તાપમાનને કારણે વાતાવરણમાં હલકી ઠંડક વર્તાઈ હતી. છેલ્લા અઠવાડિયાથી મહત્તમ તાપમાન 32 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. જ્યારે મહત્તમ તાપમાનમાં એક બે ડિગ્રીનો ઘટાડો વધારો સતત નોંધાતો રહ્યો છે. તાપમાનમાં વધારા-ઘટાડાને કારણે બીમારીનું પ્રમાણ વધી રહ્યું છે. સતત શરદી અને ઉધરસના દર્દીઓનું પ્રમાણ વધી રહ્યું છે. એ ઉપરાંત ડેન્ગ્યુ જેવી બીમારીના કેસો પણ નોંધાય છે.

# ડાંગમાં 14 પ્રા.શા.ના બંધ થયેલા છાત્રાલયો ફરી શરૂ નહીં થાય તો કોંગ્રેસ આંદોલન કરશે

**કોંગ્રેસ** સમિતિના પ્રમુખ સ્નેહલભાઈ ઠાકરેની આગેવાનીમાં કલેક્ટરને આવેદન


ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની 14 પ્રાથમિક શાળાનાં છાત્રાલયો બંધ કરવામાં આવ્યાં છે. ત્યારે આ શાળાઓની છાત્રાલયો ફરી શરૂ કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સ્નેહલભાઈ ઠાકરેની આગેવાનીમાં કલેક્ટર મારફતે રાજ્યપાલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ડાંગ જિલ્લાની ૧૪ પ્રાથમિક શાળાઓમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની છાત્રાલયો જે પેસા સદર (૨૫૭૫) હેઠળનું હેડ ન હોવાનું કારણ આપીને છેલ્લા દોઢ વર્ષથી બંધ કરવામાં આવ્યા છે. જેથી આદિવાસી વિસ્તારનાં ગરીબ બાળકોનું શૈક્ષણિક ભાવી બગાડવામાં આવી રહ્યું છે. જ્યારથી ડાંગ જિલ્લામાં જિલ્લા પંચાયત 1971માં અસ્તિત્વમાં આવી છે ત્યારથી આ ચાલતી આદિવાસી કુમાર અને કન્યા છાત્રાલયમાં ૭૦૦થી વધુ બાળકો અભ્યાસ કરે છે. જે બાળકોને હાલમાં અધવચ્ચે રસ્તામાં છોડી રઝળતા કરી દેવામાં આવ્યાં છે. આ ગરીબ આદિવાસી બાળકોના વાલીઓ આ બાબતથી ખૂબ જ અજાણ હોય સરકારની નીતિ રીતિથી અજાણ હોય એમને અંધારામાં રાખવામાં આવ્યા છે. આ છાત્રાલયોમાં વઘઈ તાલુકાની વઘઈ, ચિકાર, સાકરપાતળ, નડગચોંડ અને આહવા તાલુકાની આહવા, શામગહાન, ગલકુંડ, લહાનચર્યા, પાંડવા, ચનખલ, અને સુબીર તાલુકાની લવચાલી, સુબીર, પીપલાઈદેવી, પીપલદહાડ, બરડીપાડા છાત્રાલયોનો સમાવેશ થાય છે. આ છાત્રાલયોમાં આજુબાજુનાં ગામના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ડાંગના વાલીઓ પોતાનાં બાળકોને આ છાત્રાલયોમાં મૂકીને મજૂરી અર્થે સ્થાળાંતર કરતાં હોય છે. ત્યારે છેલ્લા દોઢ વર્ષથી આ છાત્રાલયો ગ્રાન્ટના ખર્ચ સદર (૨૫૭૫) ઉપલી કક્ષાએથી હેડ બંધ કરવામાં આવ્યા છે, એવું શિક્ષણ સમિતિ તરફથી જણાવવામાં આવ્યું છે અને એક વર્ષ માટે સિઝનલ હોસ્ટેલમાંની ગ્રાન્ટનો ઉપયોગ કરીને આ છાત્રાલયો ચલાવવામાં આવી હતી. જો માંગણીઓ સંતોષવા નહીં આવે તો આવનારા દિવસોમાં આંદોલનની ચીમકી સહિત જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીને તાળાબંધીની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડના પગલે ડાંગ જિલ્લા આપનું આવેદન

**ચૈતર** વસાવાને મુક્ત કરવા ધરમપુર આદિવાસી સમાજે પણ આવેદન પાઠવ્યું

સાપુતારા, ધરમપુરઃ ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની ગેરકાયદે ધરપકડ વિરુદ્ધ આદિવાસી સમાજ અને આમ આદમી પાર્ટી દ્વારા સખત ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. ત્યારે આ અંગે ડાંગ જિલ્લા આમ આદમી પાર્ટીએ કલેક્ટર મારફતે મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ડેડિયાપાડામાં ATVT યોજના અંતર્ગત યોજાયેલી બેઠકમાં ધારાસભ્ય ચૈતર વસાવાની સામે અસંવેધાનિક રીતે વર્તન કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત પ્રમુખ સંજય વસાવાએ મિટિંગમાં ગેરકાયદે રીતે અન્ય સભ્યોને સામેલ કર્યા હતા. જ્યારે ધારાસભ્ય પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા ગયા હતા. ત્યારે તેમના ઉપર જાતે રચેલી ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે ગેરકાયદેસર રીતે તેમની અટકાયત કરી છે.

સત્તાના બળે પોલીસ તંત્ર દ્વારા દુરુપયોગ કર્યા બાદ ડેડિયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવાની પોલીસે ખોટી રીતે ધરપકડ કરાતાં તેમને તાત્કાલિક મુક્ત કરવા સાથે ધરમપુર મામલતદાર કચેરીમાં આદિવાસી સમાજના પ્રમુખ યોગેશ પટેલ તથા કમલેશભાઈ પટેલ, વિજય અટારા, રાકેશ પટેલ, ધીરુભાઈ પટેલ સહિત આગેવાનોની ઉપસ્થિતિમાં પ્રાંત કલેક્ટર અમિત ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું, જેમાં એક્ટિવિટી યોજનાની જોગવાઈ હેઠળ આગોતરા આયોજનના ભાગરૂપે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કમિટીનાં સભ્ય સિવાય અન્ય ત્રણ જેટલી વ્યક્તિને પરિપત્ર ગાઈડલાઈનમાં ન હોવા છતાં ગેરકાયદે ડેડિયાપાડાના તા.પંચાયતના પ્રમુખ સંજય વસાવાએ સભ્યોને કમિટીમાં સમાવવાનું કહી ધારાસભ્ય ચૈતર વસાવા સાથે ગેરવર્તન કર્યુ હતું. બાદ ધારાસભ્ય ચૈતર વસાવાની અટકાયત થતાં જલદ આંદોલન કરવાની ચીમકી આપી હતી.

## ક્રાઇમ સમાચાર

### ભીલાડ રોડ પર બાઇક સ્લિપ ખાઈ જતાં દમણના યુવાનનું મોત

ઉમરગામઃ દમણ જમપોર બ્રિજની બાજુમાં રહેતા વિમલ સુભાષભાઈ વારલી (ઉં.વ.22) બુધવારે રાત્રે 10 વાગ્યાના સુમારે ભીલાડ ફાટક એકતાનગર જતા મેઇન રોડ ઉપર અચાનક તેની બજાજ પલ્સર બાઇક સ્લિપ ખાઈ જતાં ગંભીર ઇજા પહોંચતાં ભીલાડ સરકારી હોસ્પિટલ ખાતે લઈ જતાં તબીબે વિમલને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### બલવાડા હાઈવે પર વાનને અકસ્માત

ઘેજઃ ચીખલીના બલવાડા નેશનલ હાઇવે પર વલસાડથી નવસારી તરફ જતા ટ્રેક ઉપર હિતેશ પટેલ (રહે.,ચીમલા નિશાળ ફળિયા, તા.ચીખલી) વાન નં.(જીજે-૧૫-એડી-૧૪૭૪) લઇ ઉંડાચથી ચીખલી તરફ આવી રહ્યા હતા. દરમિયાન બપોરે પાછળ આવી રહેલી એક અજાણી ટ્રકની ટક્કરે વાન પલટી જતાં મોટું નુકસાન થયું હતું. સદનસીબે વાન ચાલકનો આબાદ બચાવ થયો હતો.

### વાપીના રાતાથી રૂ.17 લાખનો દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો

વાપીઃ વાપી નજીકના રાતાથી રૂ.17 લાખ ઉપરાંતનો દારૂ ભરેલા ટેમ્પો સાથે ચાલકને ડુંગરા પોલીસે ઝડપી પાડ્યો હતો. ટેમ્પો અને દારૂનો જથ્થો મળી કુલ રૂ.27.15 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વાપી નજીકના રાતા ત્રણ રસ્તા પાસે વાપી ડુંગરા પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી હતી અને એક ટેમ્પો આવતાં તેને અટકાવ્યો હતો. ટેમ્પોમાં તપાસ કરતાં લાકડાંનાં 3 મોટાં બોક્સ હતાં. જે ખોલી જોતા પરમિટ વિનાનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેની અંદાજિત કિંમત 17,15,200 આંકવામાં આવી હતી. પોલીસે ટેમ્પોચાલકનું નામઠામ પૂછતાં મુકેશ અમ્રતભાઈ ભારતી (ઉં.વ.24) (રહે.,નાની દમણ સ્થિત ચાલીમાં, ભીમપોર, મૂળ રાજસ્થાન) હોવાનું અને આ દારૂનો જથ્થો ભરાવનાર દમણના નિલેશને વોન્ટેડ બતાવ્યો હતો. પોલીસે ટેમ્પો, મોબાઈલ ફોન અને દારૂનો જથ્થો મળી કુલ રૂ.27,15,700નો મુદ્દામાલ કબજે કરી પ્રોહિબિશન મુજબનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

# બોરિયાચ ટોલનાકા પાસેથી 2.52 લાખના દારૂ સાથે બોલેરો ઝડપાઈ

**ડ્રાઈવરની** ધરપકડ, દારૂનો જથ્થો ભરાવનાર અને મંગાવનાર સુરતના પુણા વિસ્તારનો હરીશ વોન્ટેડ

**દારૂ,** કાર, મોબાઇલ મળી 9.57 લાખનો મુદ્દામાલ કબજે

નવસારીઃ બોરિયાચ ટોલનાકા પાસેથી નવસારી રૂરલ પોલીસે 2.52 લાખના દારૂના જથ્થા સાથે બોલેરો ઝડપી હતી. સાથે બોલેરોના ડ્રાઈવરની ધરપકડ કરી હતી, જ્યારે અન્ય બેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

બોરિયાચ ટોલનાકા પાસે નવસારી રૂરલ પોલીસ તપાસ કરી રહી હતી. દરમિયાન મહારાષ્ટ્રના ચારોટીથી પાંચ કિલોમીટર દૂર વિક્રમગઢ વાડા રોડથી દારૂ ભરાવીને સુરતના પુણા પાટિયા પાસે લઈ જવાનો હતો. એ દરમિયાન નવસારી નજીક બોરિયાચ ટોલનાકા પાસે તપાસ કરતાં બોલેરો જીપમાંથી વ્હીસ્કી તથા બીયરના ટીન મળીને કુલ 252000 રૂપિયાનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ઉપરાંત 7 લાખની બોલેરો જીપ તેમજ ડ્રાઈવર થાણા જિલ્લા કાસાગાંવના સતીષ પાટીલ પાસેથી મળી આવેલા 5 હજારનો મોબાઈલ મળી કુલ 957000 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી સતીષ પાટીલની ધરપકડ કરી હતી. ઉપરાંત અક્ષર એન્ટરપ્રાઈઘ ટ્રાન્સપોર્ટમાંથી દારૂનો જથ્થો ભરાવનાર અજાણ્યા શખ્સ તેમજ દારૂનો જથ્થો મંગાવનાર સુરત પુણા વિસ્તારના હરીશને વોન્ટેડ જાહેર કર્યા હતા. જેની વધુ તપાસ નવસારી રૂરલ પોલીસમથકના પોસઇ એમ.એલ.સૈયદ કરી રહ્યા છે.

# નવસારી મનપામાં 26 અનામત બેઠક બાદ કરતાં સામાન્ય વર્ગના પુરુષો માટે ચૂંટણી લડવી મુશ્કેલ

**ઉમેદવારો** વધશે એમ ચૂંટણીનાં પરિણામોમાં અપસેટ સર્જાવાની વધુ સંભાવના

નવસારીઃ નવસારી મહાનગર પાલિકામાં સામાન્ય ચૂંટણી યોજવા માટે વોર્ડ સંખ્યા અને બેઠકોની જાહેરાત થઈ ગઈ છે. એમાંય અનામત બેઠકો કેટલી રહેશે એ પણ જાહેરાત થઈ ગઈ છે. વોર્ડ સીમાંકન બાકી છે, ત્યારે કુલ 13 વોર્ડમાં 52 બેઠકમાંથી 26 બેઠક મહિલાઓ માટે અનામત રહેશે. ઉપરાંત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ અન્ય પછાત વર્ગ માટેની અનામત બેઠકો બાદ થયા બાદ સામાન્ય વર્ગના પુરુષ ઉમેદવારો માટે ચૂંટણી લડવી મુશ્કેલ થઈ જશે.

નવસારી મહાનગર પાલિકા બની એ બાદ હવે પહેલી વખત સામાન્ય ચૂંટણી યોજવા માટે તૈયારી શરૂ થઈ ગઈ છે. વોર્ડના સીમાંકન વસતીના આધારે થશે. સામાન્ય રીતે નવસારી વિજલપોર પાલિકાની છેલ્લી ચૂંટણી વખતે એક એક વોર્ડમાં 20-25 હજાર મતદાર હતા. હવે એ પાલિકાના મતદારોમાં ચાર ગામના મતદારો ઉમેરાશે, તેથી એક વોર્ડ ઓછામાં ઓછા 24-25 હજારના મતદારોનો બનશે. ચૂંટણી પહેલાં ડિસેમ્બર સુધીમાં વોર્ડ સીમાંકનની જાહેરાત થઈ જશે. પરંતુ એ પહેલાં વોર્ડ અને સભ્યોની સંખ્યાની જાહેરાત થઈ ગઈ છે.

નવસારી મનપામાં કુલ 13 વોર્ડમાં 52 બેઠક હશે. એ પૈકી મહિલાઓ માટે 26 બેઠકો અનામત રહેશે. સામાન્ય વર્ગની 27 બેઠકમાંથી 14 બેઠક મહિલાઓ માટે અનામત રહેશે. મહિલા અનામત બાદ કરીએ તો સામાન્ય વર્ગની 13 બેઠક પુરુષો માટે રહેશે. મતલબ કે દરેક વોર્ડમાં એક સામાન્ય પુરુષ ચૂંટણી લડી શકે એવી ગણતરી મૂકી શકાય. પરંતુ મતદારોને ધ્યાનમાં રાખીને દરેક પક્ષ ઉમેદવાર ઊભા રાખે છે, ત્યારે સામાન્ય બેઠકો પરથી અનામત વર્ગના કોઈપણ પુરુષ કે મહિલા પણ ચૂંટણી લડી શકે એમ છે. એ જોતાં કોઈ પક્ષના બેનર હેઠળ ચૂંટણી માટે ટિકિટ મેળવવી એ જ ચૂંટણી લડવા જેવું કપરું કામ થઈ જશે. આ સંજોગોમાં પક્ષોમાં બળવાખોર ઉમેદવારો પણ વધી પડે એમ છે. ઉમેદવારો વધશે એમ ચૂંટણીનાં પરિણામોમાં અપસેટ સર્જાવાની વધુ સંભાવના રહેશે. જો કે, હજુ તો ડિસેમ્બર સુધી તો વોર્ડ સીમાંકનની કામગીરી પૂર્ણ થયા બાદ જ ચૂંટણીનું ગણિત સમજાઈ શકે એવું થશે.